# સુબ્રતા રોય ૨૫મી સુધી તિહાર જેલમાં



નવી દિલ્હી,તા.૧૩

સુપ્રીમ કોર્ટે આજે સહારાના વડા સુબ્રતા રોયની જામીન ઉપર મુક્ત કરવાનો ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે કઠોર વલણ અપનાવતા રોયની તકલીફ અકબંધ રહી છે. રોયને હવે ૨૫મી માર્ચ સુધી તિહાર જેલમાં જ રહેવું પડશે. એનો મતલબ એ થયો કે હોળીના તહેવારની ઉજવણી સુબ્રતાને જેલમાં જ કરવી પડશે. જામીન અંગે સુપ્રીમે કડક વલણ અપનાવ્યું હતું. જામીન ઉપર છોડી મુકવાની તેમની અરજી ઉપર આગામી સુનાવમી ૨૫મી માર્ચના દિવસે હાથ ધરવામાં આવશે. સહારા તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે, સુબ્રતાને અટકાયતમાં રાખવાનો આદેશ ગેરકાયદે છે અને આદેશને રદ કરવો જોઈએ. જસ્ટિસ કેએસ રાધાકૃષ્ણન અને જેએસ કેહરની બનેલી ખાસ બેંચે રોય તરફથી કરવામાં આવેલી દલીલોને ફગાવી દીધી હતી. કોર્ટની રોયની રજા પહેલા તેમને છોડી મુકવાની રજૂઆત કરવામાં આવી હતી. શુક્રવારના દિવસે હોળીની રિશેષ શરૂ થઈ જશે. રોયના રામ જેઠમલાણી તરફથી કોઈપણ શરત પર તેમને જામીન ઉપર છોડી મુકવાની રજૂઆત કરી હતી. તેમના પરિવારના સભ્યોને મળવા સુબ્રતાને મંજુરી આપવા કોર્ટ જે શરત નક્કી કરશે તે પાળવામાં આવશે. તેમના માતા બિમાર છે. સાથે સાથે હોળીની ઉજવણી પણ કરનાર છે. અન્ય બે ડિરેક્ટરો જે રોયની સાથે તિહાર જેલમાં છે તેમના વકીલોએ રજૂઆત કરી હતી કે, કોર્ટ દ્વારા કોઈપણ વ્યક્તિ દ્વારા ઉભી કરવી અશક્ય તેવી રકમ ૨૦૦૦૦ કરોડના જામીન બોન્ડ માટેની રજૂઆત કરી છે. જો કે, કોર્ટે આવી કોઈ દલીલો ચલાવી લીધી ન હતી અને કહ્યું હતું કે, તમારી પાસે ચાવી છે કોઈપણ દરખાસ્ત બ બનાવી શકે છે. સુપ્રીમ કોર્ટે આ મુજબની સૂચના આપ્યા બાદ મામલો ૨૫મી માર્ચ ૨૦૧૪ સુધી મોકૂફ કરી દીધો હતો. સહારાના વડા સામે સુપ્રીમ કોર્ટે સકંજો મજબૂત બનાવ્યો છે. સહારા દ્વારા રજૂ કરવામાં આવેલી દરખાસ્તોને હવે સ્વીકારવામાં આવી રહી નથી. આવી સ્થિતિમાં સુબ્રતાની તકલીફ ઓછી થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. હજુપણ સુબ્રતાનો ઘણી કાયદાકીય ગુંચવણમાંથી પસાર થવું પડશે. સાથે સાથે જેલના મુશ્કેલ વાતાવરણમાં રહેવું પડશે.

## જમ્મુ કાશ્મીરમાં ભાજપને મોટો ફાયદો થાય તેવી સ્થિતિ

જમ્મુ ,તા. ૧૩

લોકસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા બાદ દરેક રાજ્યમાં રાજકીય પક્ષો પોતાની તાકાતનુ મુલ્યાંકન કરી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં પ્રાદેશિક પાર્ટીની સ્થિતીમાં ભાજપની સ્થિતી વર્ષો પહેલા ખુબ નબળી હતી પરંતુ હવે તેની સ્થિતી દિન પ્રતિદિન મજબુત થઈ રહી છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી બાદ સ્થિતી ભાજપ તરફેણમાં હોવાની વાત કેટલાક સ્થાનિક લોકો જમ્મુમાં કરી રહ્યા છે. મોદીના કારણે જમ્મુમાં હુનિદુ મત ભાજપની તરફેમાં મજબુત થશે તેવો મત જાણકાર લોકો વ્યક્ત કરી રહ્યા છે. અમરનાથ જમીન આંદોલનના કારણે જે રીતે વર્ષ ૨૦૦૮માં ભજપને વિધાનસભાની ચૂંટણીમાં ફાયદો થયો હતો તેવી જ રીતે હવે ફરી તેને ફાયદો મોદીના કારણે થઈ શકે છે. વર્ષ ૨૦૦૮માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમિયાન ભાજપને કુલ ૧૧ બેઠકો મળી હતી જે તેના માટે ખુબ મોટી સિદ્ધી સમાન હતી. જ્યારે કોંગ્રેસને ૧૭ બેઠકો મળી હતી. નેશનલ કોન્ફરન્સને ૨૮ બેઠકો મળી હતી. ભાજપની મત હિસ્સેદારી ૧૨.૪૫ ટકા રહી હતી. ભાજપના ટોચના વ્યુહરચનાકારો માની રહ્યા છે કે મોદીની રેલી યોજાયા બાદ સ્થિતી વધારે મજબુત બની રહી છે. જ્યારે છેલ્લી વર્ષ ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં અહીં કુલ છ બેઠકો પૈકી નેશનલ કોન્ફરન્સે ત્રણ બેઠકો જીતી હતી જ્યારે કોંગ્રેસને બે બેઠકો મળી હતી. ભાજપને કોઈ સીટ હાથ લાગી ન હતી. કોંગ્રેસ એકબાજુ ગુલામનબી આઝાદની મદદ લઈન તેની સ્થિતી સુધારવાના પ્રયાસ કરી સકે છે. બીજી બાજુ ભાજપ પણ નવી નિતી હેઠળ કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉઠાવી શકે છે. કોંગ્રેસ આ વર્ષે મોડેથી યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં મુખ્યપ્રધાનપદના ઉમેદવાર તરીકે ગુલામ નબી આઝાદને મેદાનમાં ઉતારી શકે છે. ગુલામ નબીની રાજ્યમાં હિન્દુ અને મુસ્લિમ સમુદાયની અંદર ખુબ સારી પ્રતિષ્ઠા વર્ષોથી રહી છે. કોંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો મામલે વધારે પ્રયોગ કરશે નહી. કારણ કે મતદારોમાં તેમની લોકપ્રિયતા છે. જમ્મુંમાં ભાજપની રેલીમાં લોકો હવે મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. આવી સ્થિતીમાં ભાજપના કાર્યકરોમાં નવી આશા જાગી છે.

## સામૂહિક બળાત્કારના મામલામાં ચાર અપરાધીની મૃત્યુદંડની સજા યથાવત

નવી દિલ્હી,તા. ૧૩

દિલ્હી હાઈકોર્ટે આજે ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે દિલ્હીમાં ચાલતી બસમાં પેરામેડિકલની વિદ્યાર્થીની પર થયેલા અમાનવીય રીતે સામૂહિક બળાત્કારના મામલામાં ચાર અપરાદીઓને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને યોગ્ય ઠેરવી હતી. જસ્ટીસ રેવા ખેતરપાલ અને જસ્ટીસ પ્રતિભા રાનીની બનેલી બેંચે આજે આ ચુકાદો જાહેર કર્યો હતો. આ ચુકાદાની સાથે જ કોર્ટ રૂમમાં સોપો પડી ગયો હતો. જસ્ટિસ રેવા ખેતરપાલ અને પ્રતિભા રાનીની બનેલી બેંચે કહ્યું હતું કે, આ શખ્સો દ્વારા કરવામાં આવેલો ગુનો અસામાન્ય વર્ગની શ્રેણીમાં આવે છે જેથી તેમની મૃત્યુદંડની સજા યોગ્ય રાખવામાં આવી છે. બેંચે કહ્યું હતું કે, ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાંઆવેલી સજા સાથે હાઈકોર્ટ સંમત છે. અપરાધીઓની અરજી ફગાવી દેવામાં આવી હતી. ચુકાદાની જાહેરાત કરવામાં આવી ત્યારે કોર્ટમાં ભોગ બનેલી યુવતીના માતા-પિતા પણ ઉપસ્થિત રહ્યા હતા. ૨૩ વર્ષીય પેરામેડિકલની વિદ્યાર્થીની પર ચાલતી બસમાં સામૂહિક રેપ ગુજારવામાં આવ્યો હતો. બળાત્કાર ગુજારવામાં



આવ્યા બાદ તેને નિર્દયરીતે માર મારવામાં આવી હતી. જેના કારણે તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી. મોડેથી કેટલાક દિવસ સુધી સારવાર કરવામાં આવ્યા બાદ તેનુ મોત થયું હતું. આ બનાવના કારણે દેશભરમાં લોકોમાં નારાજગીનુ મોજુ ફરી વળ્યું હતું. આ બનાવ બાદ કેન્દ્ર સરકાર હમચમચી ઉઠી હતી. રેપનો શિકાર થયેલી યુવતિના મોત બાદ દેશમાં હિંસક દેખાવો કરવામા આવ્યા હતા. બનાવના લીધે દબાણમાં રહેલી પોલીસે ઝડપથી તમામ આરોપીઓને પકી લીધા હતા. દિલ્હીની તિહાર જેલમાં તેના સેલમાં છ આરોપીઓ પૈકીના એકે આત્મહત્યા કરી લીધી હતી. જુએનાઈલ જસ્ટીસ બોર્ડે આ કમકમાટીપૂર્ણ બનાવમાં સામેલ રહેલા અન્ય એક કિશોરને ત્રણ વર્ષ માટે સુધાર ગૃહમાં મોકલી દેવામાં આવ્યા હતા. ૩૧મી ઓગષ્ટ ૨૦૧૩ના દિવસે આ ક્રાઈમમાં સામેલ રહેલા કિશોરને સજા કરવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટે ૧૩મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે આ કેસમાં અપરાધી રહેલા ૨૬ વષીય મુકેશ, ૨૮ વર્ષીય અક્ષય ઠાકુર, ૧૯ વર્ષીય પવન ગુપ્તા અને ૨૦ વર્ષીય વિનય શર્માને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ત્યારબાદ આ કેસ સજાને સમર્થન માટે હાઈકોર્ટને સોંપી દેવામાં આવ્યો હતો. ગયા વર્ષે ત્રીજી જાન્યુઆરીના દિવસે આ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ગયા વર્ષે ૧૩મી સપ્ટેમ્બરના દિવસે ટ્રાયલ કોર્ટે તમામને મૃત્યુદંડની સજા ફટકારી હતી અને કહ્યું હતું કે, તેમનું કૃત્ય ખુબ જ ઘૃણાસ્પદ છે. મૃત્યુદંડની સજાના રેફરન્સ મામલે સાડા ત્રણ મહિના સુધી લાંબી સુનાવણી ચલાવ્યા બાદ ત્રીજી જાન્યુઆરીના દિવસે હાઈકોર્ટે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. ટ્રાયલ કોર્ટ દ્વારા મૃત્યુદંડની સજા અંગે સમર્થનને લઈને હાઈકોર્ટમાં મામલો પહોંચ્યો હતો. અપરાધીઆએ અપીલ કરી હતી.

## હોમી ભાભાના બંગલાને વેચી દેવા માટેની તૈયારી હાથ ધરાઈ

મુંબઈ,તા. ૧૩

ભારતના પરમાણુ ઉર્જા કાર્યક્રમના પિતા ગણાતા ડોક્ટર હોમી ભાભાના આઈકોનિક બંગલાને વેચવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. આની કિંમત ૨૫૭ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. આ જ બંગલામાં હોમી જે ભાભા વર્ષો સુધી રહ્યા હતા. સંપત્તિની રીઝર્વ કિંમત ૨૫૭ કરોડ રૂપિયા રાખવમાં આવી છે. આ સંપત્તિ ભાભા પરિવારની છે. જેમાં ડોક્ટર હોમી ભાભા અને ડોક્ટર જમશેદ ભાભાનો સમાવેશ થાય છે. દક્ષિણ મુંબિના માલાબાર હિલ્સ ખાતે આ નિવાસી બંગલા મહેરાગીર બંગલાની છેલ્લા ઘણા સમયથી અવગણના કરવામાં આવી રહી હતી. આ બંગલો ૧૭૧૫૦ સ્કવેર ફુટ બિલ્ડઅપ સ્પેસમાં છે. મળેલી માહિતી મુજબ નેશનલ સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટસ દ્વારા આ પ્રાઈમ સંપત્તિ માટે બિડ કરવા રસ ધરાવનાર લોકોને અપીલ કરી છે. થોડાક દિવસમાં મહાકાય કંપની આ સોદો કરે તેવી શક્યતા છે. વર્ષ ૧૯૬૬માં ડોક્ટર હોમી ભાભા અવસાન પામ્યા બાદ તેમના ભાઈ જમશેદ આ ભાભા એસટેટના માલિક બન્યા હતા. વર્ષ ૨૦૦૭માં ૯૩ વર્ષની વર્ષની વયે તેમના અવસાન પહેલા જમશેદ ભાભાએ વિલ બનાવીને એનસીપીએને આપી દીધી હતી. જેમાં પેન્ટિંગ, જ્વેલરી અને અન્ય ફર્નિચરનો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સફળ બિડરને ભાગ લેવાની ડિપોઝીટ તરીકે ૨.૫ કરોડ રૂપિયા જમા કરાવવા પડશે અને મંજૂરી પત્ર મળી ગયા બાદ તરત બીજની ૧૦ ટકા રકમ જમા કરવી પડશે. બીડ રજૂ કરવાની છેલ્લી તારીખ ૧૭મી જુન રાખવામાં આવી છે. આ સંપત્તિ સીલ્ડ બિડ મારફતે વેચવામાં આવશે. ત્યારબાદ બીડ ૧૮મી જુનના દિવસે ખોલવામાં આવશે. આના માટે જાહેરાત પણ આપવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. યોગ્ય ખરીદારની પસંદગી કરવામાં આવ્યા બાદ તમામ માહિતી જાહેર કરવામાં આવશે.

## મારામારી કેસમાં અંતે સૈફ અલી સામે આરોપો ઘડાયા

નવી દિલ્હી,તા.૧૩

બોલીવુડ સ્ટાર સૈફ અલી ખાનની તકલીફ પણ વધી ગઈ છે. મારામારી કરવાના આરોપો તેની સામે ઘડવામાં આવ્યા છે. સૈફ અલીની સાથે સાથે તેની પત્નિ અને અભિનેત્રી કરીના કપૂરની તકલીફ પણ આના કારણે વધી ગઈ છે. સૈફ અલી ખાન ઉપર બે વર્ષ અગાઉ મુંબઈના કોલાબા સ્થિત તાજ હોટલમાં દક્ષિણ આફ્રિકાના બિઝનેસ મેન સાથે મારા મારી કરવાના આરોપો ઘડવામાં આવ્યા છે. ૩૦મી એપ્રિલના દિવસે મામલાની સુનાવણી હાથ ધરવામાં આવશે. સૈફ અલી ઉપર આઈપીસીની કલમ ૩૨૫ (જાણી જોઈને કોઈને નુકસાન પહોંચાડવાની બાબત) અને કલમ ૩૪ (સંગઠિત રીતે એક જ ઈરાદાથી કામ કરવુ)ના આધાર ઉપર આરોપો ઘડવામાં આવ્યા છે. દક્ષિણ આફ્રિકાના બિઝનેસમેન ઈકબાલ શર્મા ઉપર વર્ષ ૨૦૧૨માં સૈફની હોટલમાં ડિનર દરમિયાન મારામારી થઈ હતી. ઘટનાના સમયે સૈફની સાથે કરીના કપૂર, મલઈકા અરોરા ખાન અને અમૃતા અરોરા પણ હતા. ઈકબાલે આ ઘટનાની કોલાબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. ફરિયાદ બાદ સૈફને તેના બે મિત્રો શકીલ અને



બિલાલની સાથે ૨૨મી ફેબ્રુઆરીના દિવસે પકડી લેવામાં આવ્યા હતા. જો કે, ત્રણેયને જામીન ઉપર છોડી દેવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સૈફ અલી ખાન સામે શિકાર કેસ પણ ચાલી રહ્યો છે જેમાં પીઢ અભિનેતા સલમાન ખાન ઉપર પણ આરોપો મુકવામાં આવ્યા છે. સૈફની તકલીફ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કોર્ટે જુદી જુદી કલમો હેઠળ આરોપો ઘડ્યા છે.

## ડોલર સામે રૂપિયો મજબૂતિ સાથે બંધ

રિટેલ ફુગાવાના આંકડા જારી કરવામાં આવ્યા આજે આજે રૂપિયામાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. જો કે, રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો. રિટેલ ફુગાવાના અપેક્ષા કરતા વધુ ઝડપથી ઘટાડો નોંધાયો હતો જેથી ડોલરની સાથે બે દિવસથી ચાલતી નબળાઈનો આજે અંત આવ્યો હતો. કારોબારના અંતે રૂપિયો ડોલર સામે ૬૧.૧૭ની સપાટીએ રહ્યો હતો. ગઈકાલે ડોલર સામે રૂપિયો ૬૧.૨૧ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં આજે ઉથલપાથલની અસર રૂપિયા ઉપર થઈ હતી. પહેલી એપ્રિલના દિવસે રિઝર્વ બેંક તેની નીતિ સમીક્ષા જારી કરનાર છે તેમાં વ્યાજદરમાં વધારો કરશે કે પછી યથાસ્થિતિ જાળવી રાખશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી છે.

## આફ્રિકાએ આઇપીએલ-૭ યોજવા ૧૮૦ કરોડ માંગ્યા

નવી દિલ્હી,તા. ૧૩

હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૭ દક્ષિણ આફ્રિકામાં યોજવા માટેની તૈયારી ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા કરવામાં આવી હતી પરંતુ દક્ષિણ આફ્રિકાએ ખુબ જંગી રકમની માંગ કરી હતી. આફ્રિકાએ પરિસ્થિતોનો લાભ ઉઠાવીને આઈપીએલ-૭ યોજવા માટે ૧૮૦ કરોડની રકમની માંગ કરી હતી. માહિતીગાર સુત્રોએ કહ્યું છે કે ક્રિકેટ સાઉથ આફ્રિકા દ્વારા આઈપીએલ-ટ્વેન્ટી ૨૦ સ્પર્ધા યોજવા માટે ૧૮૦ કરોડ માંગ્યા હતા. આ રકમ સમગ્ર ટુર્નામેન્ટના આયોજન માટેની હતી કે પછી કેટલીક મેચો યોજવા માટે આ રકમની માંગ કરવામાં આવી હતી તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી પરંતુ જંગી રકમના કારમે બોર્ડે ાખરે આ મેચો આફ્રિકામાં નહી યોજવાનો નિર્ણય કર્યો હતો. આ જંગી રકમની સામે બોર્ડે વાંધો ઉઠાવ્યો હતો સાથે સાથે આઈપીએલ ટીમના માલિકો પણ આ પ્રકારની જંગી રકમ ખર્ચ કરવા ઈચ્છતા ન હતા. જેથી આફ્રિકાની પસંદગી કરાવામાં આવી ન હતી. છેવટે યુએઈની પસંદગી કરવામાં આવી છે. સ્પર્ધાના બાગરૂપે જુદી જુદી ટીમોના ખેલાડી પણ રમવા માંગતા ન હતા. હવે બીસીસીઆઈએ સફળ રીતે આયોજન કરવામાં સફળતા મેળવી છે. સાથે સાથે જંગી રકમ પણ બચાવી લીધી છે. બીસીસીઆઈને હવે યુએઈમાં મેચો યોજવા બદલ કુલ આશરે ૬૦ કરોડ રૂપિયા જ ખર્ચ કરવા પડશે. અને જો જરૂર પડશે તો બાગલાદેશ પણ પૈસા બચાવી લેશે.

### ધ કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

મુકેશ અંબાણી ગયા વરસ ના ૧૨ માં સ્થાન પરથી ગગડીને ૧૯ માં સ્થાન પર પહોચી ગયા છે. વૈશ્વિક આર્થિક કટોકટીને તેનું એક કારણ દર્શાવામાં આવ્યું છે

પણ સૌથી વધુ પછડાટ થઈ હોય તો તે છે ભારતના પ્રધાનમંત્રી જે સૌથી શક્તિશાળી ભારતીયોની યાદી ના ટોપ ૫૦ માં પણ નથી ... ગયા વરસે તેમનું સ્થાન હતું નબર ૪ અને આ વરસે નંબર ૫૭ ! દસ વરસ સુધી ૧૦૦ કરોડથી પણ વધુ લોકોનું પ્રતિનિધત્વ કરનાર ૮૧ વર્ષીય પ્રખ્યાત અર્થ શાસ્ત્રી અને રીઝર્વ બેંક ના પૂર્વ ગવર્નર પૂર્વ નાણા મંત્રી ડો મનમોહન સિંહ હવે આ પદ સંભાળવના નથી અને પોલિટીકસ માં થી રીટાયર પણ થવાના નથી

અને હવે ટોપ થ્રી!

ત્રીજા નંબર પર છે ભારત ની સૌથી શક્તિશાળી રાજકીય મહિલા સોનિયા ગાંધી જેમની પાસે વિચક્ષણ યાદશક્તિ છે, જે તમને મળ્યા પછી તમારી હેર સ્ટાઈલ પણ યાદ રાખી શકે છે અને જેમનો શબ્દ કોંગ્રેસીઓ માટે પત્થર કિ લકીર છે ! વર્ષ ૨૦૧૩ માં પણ સોનિયા ગાંધી ૩ જા પાયદાન પર જ હતા!

બીજા નંબર પર છે ભારતની સૌથી શક્તિશાળી માતાનો સૌથી શક્તિશાળી ૪૩ વર્ષીય પુત્ર કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી જે ચિંતા ચિંતન અને જોક્સ માટે ભારત ભરના લોકોનો એક મનપસંદ વિષય પણ છે !

બાય ધ વે રાહુલ ગાંધી ૨૦૧૩ માં નંબર ૧ પર હતો ....ઓહ ! તો ફિર નંબર ૧ કોન લે ગયા ?

કોઈ શક ?

નરેન્દ્ર દામોદર મોદી ભારતના સૌથી શક્તિશાળી વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા છે! ભારતીય જનતા પાર્ટી માં સૌ પહેલા ડિજીટલ કેમેરો વાપરવાની શરૂઆત કરનાર ગુજરાત ના મુખ્યમંત્રી ન.મો. પબ્લીસીટી મેનેજમેન્ટ નો ગોલ્ડ જીતી ચુક્યા છે! મજબૂત ભાષા સાફ વક્તવ્ય અને એક સશક્ત વિકલ્પ તરીકે ઉભરી રહેલો આ માણસ આવતીકાલ ના ભારત નો સુકાની હોઈ શકે છે ! ૨૦૧૩ માં નંબર ૨ રહેલ ન.મો. ૨૦૧૪ માં નંબર ૧ પર છે.

તો..આજ ના સમાચાર અહી સમાપ્ત થાય છે. નમસ્કાર !

- ch9723367947@yahoo.com




તાજેતરમાં ગુમ થયેલ મલેશિયન એર ક્રાફટ એમએચ-૩૭૦ની છેલ્લા ઘણા સમયથી ભાળ મળતી નથી. એરક્રાફ્ટ ઝડપથી મળી જાય અને તેમાં રહેલ મુસાફરોની સુરક્ષા માટે પ્રાર્થના કરતું રેતીમાંથી સ્કલ્પચર પુરી સ્થિત બીચ ખાતે સેન્ડ આર્ટીસ્ટ સુદર્શન પટનાઈકે નિર્માણ કર્યું હતું જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું અને બીચ પર આવતા સહેલાણીઓએ પણ પ્રાર્થના કરી હતી.

## દેવયાની પર મુકાયેલા બધા આરોપ કોર્ટે આખરે ફગાવ્યા

ન્યુયોર્ક,તા. ૧૩

મેનહેટન કોર્ટના ફેડરલ જજે બારતીય ડિપ્લોમેટ દેવયાની ખોબ્રાગડે ઉપર મુકવામાં આવેલા આરોપોને ફગાવી દેતા માત્ર દેવયાનીને જ નહી બલ્કે ભારતને ફણ મોટી રાહત થઈ છે. કારણ કે દેવયાની મામલે ભારત અને અમેરિકા સામ સામે આવી ગયા હતા. દેવયાનીને હાઉસકિપરના વર્ક વીઝા મામલે છેતરપિંડી અને નાણાં ચુકવવાના મામલે ખોટી વાત કરવાના આરોપસર કસ્ટડીમાં લેવામાં આવી હતી. કસ્ટડીમાં દેવયાનીની વસ્ત્રો ઉતારીને ચકાસણી કરવામાં આવતા વિશ્વભરમાં ભારતીયોની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે મેનહેટન કોર્ટના જજે કહ્યુંછે કે જે સમય દેવયાની પર વીઝામાં છેતરપિંડી અને પોતાના



સ્થાનિક કર્મચારીના પગારને લઈને ખોટ નિવેદન પર કેસ કરવામાં આવ્યો હતો ત્યારે તેમને રાજદ્વારીઓને મળનાર વિશેષ સત્તા મળેલી હતી. તેમની પાસે વિશેષ અધિકાર હત. જજે આની સાથે જ એવી શક્યતાને પણ ખુલ્લી રાખી છે . જે હેઠળ દેવયાની સામે એક નવો કેસ કરવામાં આવી શકે છે. મૈનહટનમાં યુએસ એટ્રોની ઓફિસ દ્વારા પોતાની યોજના પર કોઈ તરત પ્રતિક્રિયા આપવામાં આવી નથી. બીજી બાજૂ દેવયાનીના મામલે આવેલા ચુકાદા પર તેમના પિતા ખુશ નજરે પડ્યા છે. તેમને સંતોષ થયો ચે. ઉત્તમ ખોબ્રાગડેએ વિદેશ મંત્રાલયને આને માટે આભાર માન્યો છે. તેમણે કહ્યું છે કે આ ચુકાદો તેમના માટે ખુબ રાહત આપનાર છે. તે પહેલાથી જ કહી રહ્યા હતા કે સમગ્ર મામલો ખોટો છે.

અમેરિકામાં દેવયાનીના વકીલ ડૈન આર્શેક પોતાની પ્રતિક્રિયામાં કહ્યું છે કે આમે આ વાતથી ખુશ છીએ કે કોર્ટ અમારી રજદૂઆતને સમજી શકી છે. કેસ દાખલ થયા બાદ ભારત અને અમેરિકા સામ સામે આવી ગયા હતા.અમેરિકાના કઠોર વલણ બાદ ભારતે દેવયાનીને પરત સ્વદેશ બોલાવી લીધી હતી. દેવયાનીના વકીલે કહ્યું છે કે દેવયાની હાલ ભારતમાં રહે તે જરૂરી છ. દેવયાનીના વકીલે કબુલાત કરી છે કે ટેકનિકલ રીતે આ કેસ હજુ બંધ થયો નથી. તેની ફરી શરૂઆત થઈ શક છે. પરંતુ જો એવુ થશે તો ફેંસલો આક્રમક અને બિનજરૂરી રહેશે.

## સમાચાર ઝલક

- મલેશિયાના લપત્તા વિમાનની શોધખોળમાં ભારતીય નૌસેના પણ મદદે ગઇ.
- યુક્રેન બાબતમાં અમેરિકા ટેકો આપશે.
- મહત્ત્વની બેઠકો માટેનાં ઉમેદવારોની યાદી હોળી બાદ જાહેર થશે.
- ઝારખંડમાં નકસલવાદીઓ સાથે ઝપાઝપીમાં ૨ જવાનોને ઇજા.
- રંગોત્સવમાં રંગોમાં મોટા પાયે થતી મિલાવટ.
- ફેબ્રુઆરી માસમાં મોંઘવારી દર ઘટીને ૮.૧૦ થયો.
- અમદાવાદના ઇસનપુર વિસ્તારમાં સ્કૂલવાનના ડ્રાઇવરે બાળકી સાથે અડપલાં કરતાં પોલીસ ફરિયાદ નોંધાઇ.
- દેવયાની ખોબ્રાગડે સામે અમેરિકન કોર્ટે આરોપો ફગાવ્યા.
- ગુજરાતની કેજરીવાલની મુલાકાત સમયે કોઇ પણ જગ્યાએ ટોલટેક્ષ ભર્યા વગર ૨૦ વાહનોએ કાયદાનું ઉલ્લંઘન કર્યું.
- સુપ્રીમ કોર્ટે કેન્દ્રની દયાની અરજી ફગાવી.
- ન્યૂયોર્કમાં બ્લાસ્ટ થતા ઇમારત ધરાશાયી ૧ નું મોત, ૧૧ ઘાયલ.
- સચિન તેડુલકરની સ્મૃતિ વાળા ચાંદીનાં સિક્કા ૧૪મી માર્ચે બહાર પડાશે.
- સમાજમાં ધિક્કાર ફેલાવતાં ભાષણો રોકવા સુપ્રીમની કાયદાપંચને તાકીદ.
- મતદાન વધારવા દૂધ થેલી પર પણ સૂત્રો, લખાણો જોવા મળશે.
- ઉત્તરપ્રદેશના સારનાથમાંથી ગુપ્તયુગના શિલ્પો મળી આવ્યા.
- આઇ.પી.એલ-૭માં ૬૦થી વધુ મેચો રમાશે.
- ચર્ચમાં મફત ચા પીવડાવવામાં કોઇ વાંધો નથી, ચૂંટણીપંચની સ્પષ્ટતા.
- મતદાન સુધી ૬૦,૦૦૦ કરોડનો સટ્ટો ખેલાશે.
- ફેસબુક દ્વારા ફ્રી વોઇસ કોલ થઇ શકશે.
- પાકિસ્તાનમાં ૪૦ ટકા મહિલાઓ માનસિક બિમારીઓનો શિકાર.
- ધાણામાં તેજીની ધણધણાટી કિલોનો ભાવ સવાસો થશે.
- અલ-નિનોનો ખતરો વધ્યો, ચોમાસું નબળું રહેશે, ઉનાળા પૂર્વે એર-કન્ડીશન, ફ્રીઝનાં વેચાણમાં મંદી.
- અમરનાથની યાત્રામાં સાડા ચાર લાખથી વધુ ગુજરાતીઓ મુલાકાત લેશે.